મેઢાદ ગામમાં શોકની લાગણી, પોસ્ટમોર્ટમ માટે મૃતદેહ પાદરા સરકારી દવાખાને ખસેડાયો

લાપતા ૧૨ વર્ષની હેતલનો બીજા દિવસે મૃતદેહ મળ્યો

એસડીઆરએફની શોધખોળ સફળ: મગરના હુમલામાં લાપતા હેતલનો મૃતદેહ મળ્યો

(પ્રતિનિધિ) પાદરા, તા.3

પાદરા તાલુકાના મેઢાદ ગામમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદીમાં રવિવારે સાંજે મગરના હુમલામાં લાપતા થયેલી 12 વર્ષીય કિશોરી હેતલ રાઠોડિયા નો મૃતદેહ સોમવારે સવારે ઘટનાસ્થળથી સામેના કિનારેથી મળી આવ્યો હતો. મૃતદેહ મળી આવતા સમગ્ર મેઢાદ ગામમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી.

પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે પાદરા સરકારી દવાખાને ખસેડ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, મેઢાદ ગામની 12 વર્ષીય કિશોરી હેતલ જનકભાઈ રાઠોડિયા તેના દાદા લવઘણભાઈ રાઠોડિયા, મોટી બહેન અને નાના ભાઈ સાથે વિશ્વામિત્રી નદીમાં પાણી જોવા ગઈ હતી. આ દરમિયાન અચાનક નદીમાં રહેલા મગરે તેના પર હુમલો કરી તેને પાણીમાં ખેંચી લીધી હતી.

ઘટનાને પગલે પરિવારજનો અને ગ્રામજનોએ બૂમાબૂમ મચાવી હતી, પરંતુ મગરના હુમલા સામે કોઈ બચાવ શક્ય બન્યો ન હતો. ઘટનાની જાણ થતાં જ પાદરા પોલીસ, વન વિભાગ, ફાયર વિભાગ, તાલુકા પંચાયતના અધિકારીઓ, તલાટી, સરપંચ

સહિતનું વહીવટી તંત્ર સ્થળ પર દોડી આવ્યું હતું. લાપતા બનેલી કિશોરીને શોધવા માટે રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરાયું હતું. વિવિધ ટીમોએ બોટ તેમજ અન્ય સાધનોની મદદથી રાત સુધી વિશ્વામિત્રી નદીમાં સઘન શોધખોળ ચલાવી હતી, પરંતુ કિશોરીનો કોઈ પત્તો લાગ્યો ન હતો.

સોમવારે સવારે ફરી એકવાર સંયુક્ત શોધખોળ શરૂ કરવામાં આવી હતી. દરમિયાન ઘટનાસ્થળથી સામેના કિનારે એસડીઆરએફ ટીમને કિશોરીનો મૃતદેહ જોવા મળતાં તેને બહાર કાઢી કબજે લેવામાં આવ્યો હતો. ત્યારબાદ પોલીસે કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે પાદરા સરકારી દવાખાને મોકલ્યો હતો. પોસ્ટમોર્ટમ દરમિયાન પાદરા પોલીસના અધિકારીઓ, તાલુકા વિકાસ અધિકારી, વન વિભાગના અધિકારીઓ તેમજ સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ઘટનાને પગલે સમગ્ર મેઢાદ ગામમાં ગમગીની છવાઈ ગઈ હતી. મૃતક હેતલ રાઠોડિયા મેઢાદ ગામની રહેવાસી હતી અને સરસવણી સરકારી શાળામાં ધોરણ-6માં અભ્યાસ કરતી હતી. નાની વયે મગરના હુમલામાં થયેલા તેના કરુણ મૃત્યુથી પરિવારજનો પર આભ ફાટી પડ્યું છે, જ્યારે સમગ્ર પંથકમાં પણ દુઃખની લાગણી વ્યાપી ગઈ છે. વન વિભાગ દ્વારા વિશ્વામિત્રી નદીના કાંઠે વસતા લોકોને સાવચેતી રાખવા, ખાસ કરીને બાળકોને નદીના કિનારે એકલા ન જવા દેવા અને મગરો જોવા મળે તો તાત્કાલિક વન વિભાગને જાણ કરવા અપીલ કરવામાં આવી છે.

ઉનાળામાં સુકાયેલું બહાદરપુરનું તળાવ ફરી જીવંત બન્યું

એક જ દિવસના વરસાદે સંત તળાવ છલોછલ, ખેડૂતોમાં ખુશી

(પ્રતિનિધિ) સંખેડા, તા.3

સંખેડા તાલુકાના બહાદરપુર ગામના ખેડૂતો અને પશુપાલકો માટે જીવાદોરી સમાન "સંત તળાવ" ચોમાસાના એક જ દિવસના ધોધમાર વરસાદથી છલોછલ ભરાઈ જતાં સમગ્ર વિસ્તારમાં ખુશીની લહેર જોવા મળી રહી છે.

ખેરવા નજીક આવેલું આ તળાવ ઉનાળાની કાળઝાળ ગરમીમાં સંપૂર્ણપણે સુકાઈ ગયું હતું. તળાવના તળિયે માત્ર નાના-નાના ખાડાઓમાં થોડું ઘણું પાણી બચ્યું હતું અને તળિયે લીલુંછમ ઘાસ ઉગી નીકળ્યું હતું. ઉનાળાના દિવસોમાં પણ આ તળાવ બહાદરપુર અને આસપાસના

4-5 ગામોના પશુપાલકો માટે આશીર્વાદરૂપ સાબિત થયું હતું. પશુઓ માટે પાણી અને ઘાસચારાની સુવિધા આ તળાવમાંથી જ મળી રહેતી હતી.

એટલું જ નહીં, ચોમાસા બાદ બચેલા પાણીનો ઉપયોગ કરીને તળાવની નજીકના ખેડૂતો પોતાના ખેતરોમાં શિયાળુ અને ઉનાળુ શાકભાજીની સિંચાઈ પણ કરતા હતા. જેના કારણે આ તળાવને "ખેડૂતોનું જીવન" પણ કહેવામાં આવે છે. હવામાન વિભાગની આગાહી મુજબ બુધવારે સંખેડા તાલુકામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો આ વરસાદના કારણે બહાદરપુરનું સંત તળાવ થોડા જ કલાકોમાં સંપૂર્ણપણે ભરાઈ ગયું હતું. હાલ તળાવમાંથી પાણી ઓવરફ્લો થઈ રહ્યું છે. તળાવ છલોછલ થતા આસપાસના ખેતરોમાં ભૂગર્ભજળનું સ્તર પણ વધશે તેવી આશા ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે.

૧૦ દિવસથી સમારકામ નહીં; હાડોદ માર્ગ પર વાહનચાલકો જોખમમાં

સંખેડાના હીર પેટ્રોલ પંપ પાસે નાળા કિનારે ૧૦ ફૂટનો ભૂવો, અકસ્માતનો ખતરો વધ્યો

(પ્રતિનિધિ) સંખેડા, તા.3

સંખેડા તાલુકાના મુખ્ય માર્ગોની હાલત દિન-પ્રતિદિન કથળી રહી છે. સંખેડાથી હાડોદ તરફ જતા રોડ પર આવેલા હીર પેટ્રોલિયમ પેટ્રોલ પંપ સામે નાળા ની બાજુમાં પડેલા મોટા ભૂવાને કારણે વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા છે.

ચોમાસા દરમિયાન પડેલા વરસાદના કારણે નાળાની એક સાઈડ પર આશરે 10 ફૂટ લાંબો અને 3 ફૂટ પહોળો ભૂવો પડી ગયો છે. આ રોડ પર સંખેડાથી હાડોદ, જેતપુર અને આસપાસના 15થી વધુ ગામોના વાહનોની સતત અવર-જવર રહે છે. ભારે વાહનો, ટ્રક, બસ અને બાઈક

ચાલકો માટે આ ભૂવો ગળાનો કાંટો બન્યો છે.

નિયમિત આવ-જા કરનારાઓને આ ભૂવા વિશે ખબર હોવાથી તેઓ બચીને જાય છે. પરંતુ જે નવા વાહનચાલકો રાત્રે અથવા ઝડપે વાહન ચલાવે છે તેમના માટે આ ભૂવો જીવલેણ સાબિત થઈ શકે છે.

સ્થાનિક વેપારીઓનું કહેવું છે કે "પેટ્રોલ પંપ પર આવતા ગ્રાહકો પણ ભૂવાના કારણે ડરીને ધીમે વાહન ચલાવે છે. કોઈ મોટો અકસ્માત થાય તે પહેલા તંત્રએ પગલાં લેવા જોઈએ."

ભૂવો પડ્યાને 10 દિવસથી વધુ સમય થઈ ગયો છે પરંતુ માર્ગ-મકાન વિભાગ દ્વારા હજુ સુધી કોઈ સમારકામ કરવામાં આવ્યું નથી.

શિનોર પોલીસનો સફળ દરોડો : વિદેશી દારૂ સાથે બુટલેગર ઝડપાયો

ભાથીજી મંદિર ફળિયામાં ખાનગી બાતમીના આધારે કાર્યવાહી

(પ્રતિનિધિ) શિનોર, તા. 3

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાની સાધલી ગામે શિનોર પોલીસે મળેલી ખાનગી બાતમીના આધારે સફળ દરોડો પાડી ચોરીછૂપીથી ભારતીય બનાવટના વિદેશી દારૂનું વેચાણ કરતા એક બુટલેગરને ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી પાસેથી વિદેશી દારૂનો જથ્થો તેમજ વેચાણ માટે ઉપયોગમાં લેવાતી મોપેડ સહિત કુલ રૂ. 22,472નો મુદ્દામાલ કબ્જે કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

શિનોર પોલીસ સ્ટેશનના પીઆઈ આર.આર. વસાવાને ખાનગી

બાતમીદાર મારફતે જાણકારી મળી હતી કે સાધલી ગામના ભાથીજી મંદિર ફળિયામાં એક વ્યક્તિ સુઝુકી કંપનીની એક્સેસ મોપેડ પર ભારતીય બનાવટનો વિદેશી દારૂ રાખી જાહેરમાં ચોરીછૂપીથી વેચાણ કરી રહ્યો છે. બાતમીના આધારે પીઆઈ આર.આર. વસાવાના માર્ગદર્શન હેઠળ પોલીસની ટીમે ખાનગી વાહનમાં સ્થળ પર પહોંચી વોચ ગોઠવી હતી. દરોડા દરમિયાન મરુન રંગની સુઝુકી એક્સેસ મોપેડ સાથે એક વ્યક્તિ શંકાસ્પદ હાલતમાં જોવા મળ્યો હતો. પોલીસે તેને અટકાવી પૂછપરછ કરી મોપેડની તપાસ હાથ ધરી હતી.

વિકાસકાર્યોમાં અસંતોષ અને સત્તાના દુરુપયોગના આક્ષેપો

માંગરોલ ગ્રામ પંચાયતના સરપંચ સામે તમામ ૮ સભ્યોની અવિશ્વાસ દરખાસ્ત

માંગરોલ ગ્રામ પંચાયતમાં સત્તાસંકટ, સરપંચ સામે તમામ સભ્યો એકજૂટ

(પ્રતિનિધિ) કરજણ, તા.3

કરજણ તાલુકાના માંગરોલ ગ્રામ પંચાયતમાં એક વર્ષ અગાઉ રચાયેલી પંચાયત હવે ગંભીર રાજકીય સંકટમાં સપડાઈ હોવાનું સામે આવ્યું છે. ગ્રામ પંચાયતની ચૂંટણીમાં કુલ 8 સભ્યો ચૂંટાઈ આવ્યા હતા, જેમાં રિયાબેન હરેશભાઈ પંચાલ સરપંચ તરીકે ચૂંટાયા હતા. પરંતુ કાર્યકાળના એક વર્ષ પૂર્ણ થતાં પહેલાં જ સરપંચની કામગીરી સામે અસંતોષ ઉભો થયો છે.

મળતી માહિતી મુજબ, ગામમાં વિકાસના કામો યોગ્ય રીતે ન થતાં હોવાના, ગ્રામ વિકાસની ગતિ ધીમી હોવાના તેમજ સત્તાનો દુરુપયોગ કરવામાં આવ્યો હોવાના આક્ષેપો સાથે પંચાયતના તમામ 8 સભ્યોએ ગામના તલાટી કમ મંત્રીને સરપંચ વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરી છે. આ ઘટનાએ સમગ્ર કરજણ તાલુકાના રાજકીય વર્તુળોમાં ચર્ચા જગાવી છે.

આ સમગ્ર મામલામાં સૌથી નોંધપાત્ર બાબત એ છે કે કરજણ તાલુકા પંચાયતના પ્રમુખ પણ માંગરોલ ગામના જ હોવાથી આ રાજકીય ઘટનાએ વધુ મહત્વ ધારણ કર્યું છે. હવે તાલુકા સ્તરે પણ આ મામલા પર સૌની નજર મંડાઈ છે.

ગામમાં હાલ વિવિધ પ્રકારની ચર્ચાઓ ચાલી રહી છે. એક તરફ અવિશ્વાસની દરખાસ્તને લઈ સભ્યો પોતાના નિર્ણય પર અડગ હોવાનું કહેવાય છે, જ્યારે બીજી તરફ સમાધાનના પ્રયાસો પણ થઈ શકે તેવી ચર્ચાઓ ચાલી રહી છે. આગામી દિવસોમાં યોજાનારી કાયદેસરની પ્રક્રિયા દરમિયાન સરપંચ પોતાની બહુમતી સાબિત કરી શકશે કે પછી અવિશ્વાસની દરખાસ્ત પસાર થશે તે જોવું મહત્વપૂર્ણ રહેશે.

સગીરાએ પંખાના હુક માં ઓઢણી વડે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

વાઘોડિયા APMC પાસે આવેલ ગ્રીન પાર્કની ઘટના

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા. 3

નગર પાલિકા વિસ્તારમાં આજરોજ સવારના આશરે સાડા આઠેક વાગે અજય ચંદુલાલ શાહ રહે,ગ્રીનપાર્ક સોસાયટી,APMC પાસે,વાઘોડિયાના ઓ તેમની પત્ની સાથે દરરોજની જેમ નોકરી પર જવા માટે ઘરેથી નીકળ્યા હતા.આ પરિવારનો સૌથી નાનો દિકરો ગૌવર પણ સવારના આશરે સાત વાગે ધોરણ-6 મા અભ્યાસ કરતો હોય સ્કૂલે ગયો હતો.

જ્યારે ઘરમાં સોળ વર્ષની સગીર દિકરી આયુશી એકલી જ રૂમ પર હાજર હતી. આયુષી એ ઘરમાંથી ભાઈ અને મા બાપના ગયા પછી અગમ્ય કારણોસર પલંગ પર પ્લાસ્ટિકની ખુરશી મૂકી ઓઢણીનો ગળે ગાળિયો બનાવી રૂમમાં છત પર લાગેલ પંખાના હુકમાં બાંધી ખુરશીને હડસેલી આપઘાત કરી લેતા ચકચાર મચી હતી.આ અંગેની જાણ મૃતકના પિતાને સવારના આશરે દસેક વાગે મકાનમા છેલ્લા બે દિવસથી ભાડે રહેવા આવેલ શકુબેન રાઠવાએ ફોન કરી કહ્યું કે "ઘર પે જલ્દી આયે સીરીયશ મેટર હૈ " .અજય શાહ (પિતા) તાત્કાલીક કંપની પરથી ઘરે આવતા સોસાયટીમા રહેતી તેમની પૌતી આરતીકુમારી મકાનની બાર બેઠી હતી, તેની સાથે રૂમમાં જઈ જોતા આયુશી ગળેફાસો ખાધેલી હાલતમા લટકતી હોય, પિતાએ તાત્કાલિક આયુષીને નીચે ઉતારતા બેભાન આયુશી કોઈપણ હલન ચલન કરતી ના હોય 108 અમ્બ્યુલન્સને બોલાવી હતી.

લીંડા ગામે રૂ. ૧.૧૯ કરોડની કેનાલમાં ભંગાણ પડતા ખેડૂતોમાં રોષ

પાણી આવે પહેલાં જ કેનાલમાં તિરાડો, કરોડના કામની ગુણવત્તા સામે સવાલ

સાડા ત્રણ કિમી લાંબી કેનાલમાં અનેક સ્થળે તિરાડો

(પ્રતિનિધિ) નસવાડી, તા.3

નસવાડી તાલુકાના લીંડા ગામે 1 કરોડ 19 લાખના ખર્ચ સાડા ત્રણ કિલોમીટર લાંબી નવી કેનાલ બનાવવાનું કામ બોડેલીની વીરકૃપા એજન્સીને કામ આપવામાં આવેલ છે આ કામની દેખરેખ છોટાઉદેપુર જિલ્લા પંચાયત સિંચાઈ વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે જ્યારે લિન્ડા તળાવમાંથી એક પણ વાર ખેડૂતોને પાણી મળ્યું નથી અને કેનાલમાં પાણી છોડવામાં આવ્યું નથી તે પહેલા જ તળાવની નજીકમાં કેનાલમાં

તિરાડો પડી છે અને અમુક કેનાલ ભાંગીને ભૂકો થઈ છે જ્યારે જે કામગીરી થઈ છે તે યોગ્ય રીતે થઈ ન હતી પાણી આવતા પહેલા કેનાલો તૂટતા પાણી છોડ્યા પછી શું સ્થિતિ કેનાલની થશે તેના ઉપર અનેક સવાલો ઉઠી રહ્યા છે છોટાઉદેપુર સિંચાઈ વિભાગના અધિકારીઓ કામગીરી ઉપર યોગ્ય રીતે નિરીક્ષણ ના કરતા હલકી કક્ષાની કેનાલો બનતા હાલ તો ખેડૂતોમાં રોષ જોવા મળી રહ્યો છે આઝાદીના વર્ષો પછી સરકારે તેમજ આસપાસના ગામોને સિંચાઈનું પાણી મળે તે માટે કેનાલો બનાવી પરંતુ કામગીરી ગુણવત્તાવાળી સિંચાઈ વિભાગ કરાવવામાં નિષ્ફળ રહ્યું છે આદિવાસી વિસ્તાર માટે સરકારે ચિંતા કરી પરંતુ અધિકારીઓએ સરકારની ચિંતા ઉપર પાણી ફેરવી દીધું છે હલકી કક્ષાનું કામ કેનાલ નું થતા કોન્ટાકટર અધિકારીઓની મીની ભગત બહાર આવી છે.

ભાદરવા પોલીસે જુગાર રમતા ચારની ધરપકડ, રૂ. ૧૯,૪૯૦નો મુદ્દામાલ કબજે

સાવલી : સાવલી તાલુકાના ભાદરવા પોલીસ મથકની હદમાં આવેલ વાંકાનેર ગામે ગામેચી ફળિયા નજીક કેટલાક ઈસમો પાના પત્તાનો હારજીત નો જુગાર રમી અને રમાડી રહ્યા છે તેવી બાતમી મળી હતી તેના પગલે ભાદરવા પોલીસે દરોડો પાડીને ચાર જુગારીયા ઓ ને રંગેહાથે ઝડપી પાડ્યા છે આ દરોડામાં દાવ પરથી 3620 રૂપિયા અને અંગ ઝડતીમાં 6870 રૂપિયા અને તેમજ ત્રણ નંગ મોબાઈલ રૂપિયા 9000 મળી કુલ રૂપિયા 19490 નો મુદ્દામાલ કબજે કર્યો છે પોલીસ દરોડામાં ઝડપાયેલ જુગારીયાઓ સુરેશ ભાઈ પ્રભાત ભાઈ ગામેચી, મુકેશ ભાઈ સોમા ભાઈ પરમાર, સુરેશભાઈ લલ્લુભાઈ ગામેચી, જશવંત ભાઈ રમેશભાઈ ગામેચી તમામ રહે વાંકાનેર ની જુગાર ધારા હેઠળ ધરપકડ કરી ને જેલભેગા કર્યા છે.

ચાર મહિનામાં RCC રોડ બિસમાર, રોડ તૂટ્યો તંત્ર મૌન

નાનીરાસલી-તારાપુર માર્ગ પર લાખોના ખર્ચે બનેલો રોડ ખાલસા

(પ્રતિનિધિ) પાવીજેતપુર, તા. 3

પાવીજેતપુર તાલુકાના નાનીરાસલી-તારાપુર માર્ગ પર લાખો રૂપિયાના ખર્ચે બનાવાયેલો નવો RCC રોડ માત્ર ચાર મહિનામાં જ બિસ્માર હાલતમાં પહોંચી જતા વિકાસના દાવાઓ સામે ગંભીર સવાલો ઊભા થયા છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ સરકાર દ્વારા તાજેતરમાં જ બનાવવામાં આવેલો આ રોડ દિવસ-રાત રેતી ભરેલા ઓવરલોડ વાહનોની બેફામ અવરજવરને કારણે અનેક જગ્યાએ તૂટી ગયો છે. રોડના કામની ગુણવત્તા પર પણ ગંભીર શંકા વ્યક્ત થઈ રહી છે.

સ્થાનિકોનો આક્ષેપ છે કે આ માર્ગ પરથી ગેરકાયદેસર રેતી ભરેલા ભારે વાહનો બેફામ દોડે છે, છતાં જવાબદાર તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે. જો ભારે વાહનો પર સમયસર કાર્યવાહી કરવામાં આવી હોત, તો આજે નવો રોડ આ હાલતમાં ન હોત. ચાર મહિના પણ ટકી ન શકતો રોડ બનાવનાર કોન્ટ્રાક્ટર અને તેની દેખરેખ રાખનાર અધિકારીઓ સામે જવાબદારી નક્કી થશે કે નહીં? જિલ્લા વહીવટી તંત્રને તાત્કાલિક નુકસાન પામેલા રોડનું સમારકામ કરાવવા, ગેરકાયદેસર રેતીના ઓવરલોડ વાહનો સામે કડક કાર્યવાહી કરવા અને જવાબદાર અધિકારીઓ તથા કોન્ટ્રાક્ટર સામે યોગ્ય પગલાં ભરવાની માંગ ઉઠાવી છે.

તલાટી હડતાલ વચ્ચે મહેસૂલી કર્મચારીઓની રજૂઆત

બોડેલી મહેસૂલી કર્મચારી મંડળ દ્વારા બોડેલી મામલતદારને અપાયું આવેદનપત્ર

(પ્રતિનિધિ) બોડેલી, તા.3

બોડેલી સેવા સદન ખાતે બોડેલી મહેસૂલી કર્મચારી મંડળ દ્વારા મામલતદારને આવેદનપત્ર પાઠવી પોતાની રજૂઆત કરવામાં આવી હતી. આવેદનપત્રમાં જણાવાયું હતું કે છોટાઉદેપુર જિલ્લામાં તલાટી કમ મંત્રીઓ હડતાલ પર હોવાથી તેમની કામગીરી મહેસૂલી તલાટીઓને સોંપવામાં આવી રહી છે. આ નિર્ણય સામે મહેસૂલી કર્મચારીઓએ વાંધો વ્યક્ત કરી મામલતદાર મારફતે સરકાર સમક્ષ રજૂઆત કરી હતી. મહેસૂલી કર્મચારીઓએ જણાવ્યું હતું કે સરકારના પ્રવર્તમાન ઠરાવો મુજબ દરેક વિભાગના કર્મચારીઓએ પોતાના

વિભાગની કામગીરી જ કરવી જોઈએ. જો સરકાર દ્વારા સત્તાવાર ઠરાવ કરીને મહેસૂલી તલાટીઓની ફરજો, જોબ ચાર્ટ અને જવાબદારીઓ સ્પષ્ટ કરવામાં આવે તેમજ ગામના મુખ્ય મથકે બેસવાની જરૂરી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે તો સરકાર દ્વારા સોંપવામાં આવતી તમામ કામગીરી કરવા તેઓ સંપૂર્ણપણે તૈયાર છે.

આવેદનપત્રમાં વધુમાં જણાવાયું હતું કે ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીઓની હડતાલને કારણે સામાન્ય નાગરિકોને વિવિધ સરકારી સેવાઓ અને કામકાજમાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. તેથી સરકાર તાત્કાલિક હસ્તક્ષેપ કરીને હડતાલનો વહેલી તકે ઉકેલ લાવે અને લોકોને પડતી હાલાકી દૂર કરે તેવી માંગ કરવામાં આવી છે.

વેમાલીમાં વિદેશી દારૂના કટીંગ પર મંજુસર પોલીસનો દરોડો

1,248 બોટલો, પિકઅપ ટેમ્પો અને મોબાઇલ કબજે; પોલીસને જોઈ બે શખ્સ ફરાર

(પ્રતિનિધિ) સાવલી, તા. 3

સાવલી તાલુકાના મંજુસર પોલીસ મથકની હદમાં આવેલ વેમાલી ગામની સીમમાં ખુલ્લી જગ્યામાં વિદેશી દારૂની કટીંગ ની બાતમીના પગલે દરોડો પાડતા 1248 નંગ વિદેશી દારૂ ની બોટલો અને ટેમ્પો મળી કુલ 6,50,200 રૂપિયાનો મુદ્દા માલ ઝડપી પાડ્યો છે અને પોલીસ ના છાપા માં ફરાર બે વાહન ચાલકો વિરુદ્ધ પ્રોહીબિશન એક્ટ મુજબ ગુનો નોંધી તપાસ હાથ કરી છે. સાવલી તાલુકાના મંજુસર પોલીસ મથકની હદમાં આવેલ વેમાલી ગામની સીમમાં સિદ્ધાર્થ ફાર્મ ની પાછળ ની પડતર જગ્યામાં વિદેશી દારૂનું કટીંગ થઈ રહ્યું છે તેવી બાતમીના પગલે મંજુસર પોલીસે બનાવ વાળી જગ્યા ઉપર દરોડો પાડયો હતો જેમાં ૧૨૪૮ નંગ વિદેશી દારૂની બોટલ રૂપિયા 1,45,200 તથા એક મોબાઈલ 5000 રૂપિયા અને મહેન્દ્રા પીકઅપ જેનો નંબર જી જે 06 બી વી 8170 જેની કિંમત રૂપિયા 500000 બિનવારસી હાલતમાં મળી આવી હતી આ દરોડામાં કુલ 6,50,200 નો મુદ્દામાલ જપ્ત કર્યો છે અને હ્યુન્ડાઈ ક્રેટા કાર ચાલક પોલીસ ને જોઈને ફરાર થઈ ગયો હતો મંજુસર પોલીસે મહેન્દ્ર પીકપ ટેમ્પોના માલિક અને ક્રેટા કાર ના માલિક બંને ને ફરાર જાહેર કરીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

લિન્ડા ટેકરા કેમ્પસમાં દીકરીઓને આત્મવિશ્વાસ, સ્પર્ધાત્મક પરીક્ષાઓનું માર્ગદર્શન

વિદ્યાર્થિનીઓ સાથે કલેક્ટર ગાર્ગી જૈનનો હૃદયસ્પર્શી સંવાદ

(પ્રતિનિધિ) બોડેલી, તા.3

જિલ્લા વહિવટીતંત્ર દ્વારા હાથ ધરાયેલા સંવેદનશીલ અને પ્રેરણાદાયી "સશક્ત દીકરી - કલેક્ટર ઈન ક્લાસરૂમ" અભિયાન અંતર્ગત જિલ્લા કલેક્ટરશ્રી ગાર્ગી જૈન દ્વારા નસવાડી તાલુકાના લિન્ડા ટેકરા કેમ્પસ જીએલઆરએસ (કન્યા સાક્ષરતા નિવાસી શાળા) પીસાયતા અને ધારસીમેલ સ્કૂલની વિદ્યાર્થીનીઓ સાથે ખાસ મુલાકાત લીધી હતી. કલેક્ટરશ્રીએ વર્ગખંડમાં દીકરીઓ વચ્ચે બેસીને અત્યંત હૃદયસ્પર્શી અને પ્રોત્સાહક સંવાદ સાધ્યો હતો.

આ મુલાકાત દરમિયાન કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે, આપણે સતત મહેનત કરી પોતાના સપના સાકાર કરવા અને ક્યારેય

નિષ્ફળતાથી ડરવું ન જોઈએ. પોતાના ભવિષ્યના લક્ષ્યો નક્કી કરી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ કરવી અને પરીક્ષાના ડરને કઈ રીતે માત આપી, હકારાત્મકતા સાથે પ્રયત્ન કરી પ્રગતિ કરવા સમજાવ્યું હતું.દરેક વિદ્યાર્થીનીઓ સાથે સંવાદ કરી જીવનમાં આગળ વધવાના ધ્યેય અને તેમને મૂંઝવતા પ્રશ્નો વિશે વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી.

વધુમાં 'ગુડ ટચ અને બેડ ટચ' એ કોઈ પણ અયોગ્ય અનુભવ થાય ત્યારે નિડર બની તેનો સખત પ્રતિકાર કરવો અને તુરંત જ માતા-પિતા કે શિક્ષકોને તેની જાણ કરવા જણાવ્યું હતું. સાથે વ્યક્તિગત સ્વચ્છતા, શારીરિક તંદુરસ્તી અને સકારાત્મક વિચારો અપનાવી દેશનું નામ રોશન કરવા પ્રેરણા આપી હતી.

દીકરીઓમાં આત્મગૌરવ જગાડતા રોજના જીવનમાં 'હું સ્વચ્છ રહીશ, આત્મવિશ્વાસી રહીશ, સુરક્ષિત રહીશ અને મારા પરિવાર તથા દેશનું નામ રોશન કરીશ' જેવા સંકલ્પ વાક્યો બોલવા પ્રેરણા આપી હતી. પર્યાવરણ અને શિક્ષણના અનોખા સમન્વયરૂપે કલેક્ટરશ્રીના હસ્તે હાજર તમામ દીકરીઓને પ્રોત્સાહક ભેટ તરીકે 'પ્લાન્ટેબલ પેન્સિલ' આપવામા આવી હતી.